
# 7 તું નાનો, હું મોટો

(કવિ - પ્રેમશંકર ભટ્ટ)

**ચર્ચાના મુદ્દા :**

❀ સર્વજન પ્રત્યે હિતની ભાવના - કોઈની માટે ખરાબ વિચારવું નહીં - દરેક મનુષ્યની પોતાની આગવી વિશેષતા હોય છે. દરેક વ્યક્તિ સન્માનને પાત્ર છે.



તું નાનો, હું મોટો -
એવો ખ્યાલ જગતનો ખોટો ;
આ નાનો, આ મોટો -
એવો મૂરખ કરતા ગોટો.
ખારા જળનો દરિયો ભરિયો,
મીઠા જળનો લોટો ;
તરસ્યાને તો દરિયાથીયે
લોટો લાગે મોટો.
નાના છોડે મહેકી ઊઠે
કેવો ગુલાબગોટો !
ઊંચા ઊંચા ઝાડે તમને
જડશે એનો જોટો ?
તું નાનો, હું મોટો -
એવો ખ્યાલ જગતનો ખોટો ;
મન નાનું તે નાનો,
જેનું મન મોટું તે મોટો.....



# અભ્યાસ

## શબ્દાર્થ

Word Power

ખ્યાલ = વિચાર (Thought)
ગોટો = ગૂંચવાડો, ગોટાળો (Confusion)
જળ = પાણી (Water)
દરિયો = સાગર, સમુદ્ર (Sea)
ઝાડ = વૃક્ષ (Tree)

## સ્વાધ્યાય

Oral Expression
• recall • comprehension
M.I.
• bodily-kinesthetic

### મૌખિક

૧. કવિતામાં કેવો ખ્યાલ કવિ દૂર કરવાનું કહે છે ?
૨. દરિયામાંથી કેવા સ્વાદનું પાણી પીવા મળે છે ?

Written Expression
• recall • inference
• description • HOTS
• comprehension

### લિખિત

૧. ૧. મૂર્ખ માણસો કેવા ગૂંચવાડો કરે છે ?
૨. ગુલાબના છોડના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવવા માંગે છે ?
૩. માણસે પોતાના મનને કેવું બનાવવું જોઈએ ?

૨. નીચે દર્શાવાયેલ (શબ્દનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.)

સફળતા - સફળતા મેળવવા માટે મહેનત કરવી પડે છે.
ખારાશ - દરિયાના પાણીમાં ખારાશ હોય છે.
સમાનતા - દરેક જીવ પ્રત્યે સમાનતા રાખવી જોઈએ.

મૈત્રી - પશુ-પંખીઓ પ્રત્યે મૈત્રીભાવ રાખવો જોઈએ.

વૃક્ષો - વૃક્ષો આપણા મિત્રો છે.

૩. નીચેના શબ્દોના **વિરુદ્ધાર્થી શબ્દો** લખો.

નાનો x મોટો | ધરતી x આકાશ

ઊંચુ x નીચુ | સફળતા x નિષ્ફળતા

૪. ખાલી જગ્યા પૂરો.

૧. માણસની તરસ ....મીઠા... જળથી દૂર થાય છે.

૨. ...નાના..... છોડમાં ગુલાબનું ફૂલ ઊગે છે.

૩. મન મોટું તે માણસ...મોટો.....

૫. નીચે આપેલાં ચિત્રને જોઈને તેનાં વિશે પાંચ થી છ વાક્યો લખો.



## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. પ્રકૃત્તિના તત્ત્વોની વિશેષતાની ચર્ચા શિક્ષક વર્ગખંડમાં કરશે.